**Title**: IITGn News

**Source**: ***Snadesh Newspaper***

**Date**: 03/05/2017

### સમર ઇન્ટર્નશીપ માટે સ્ટુડન્ટ્સ એક્સચેંજ પ્રોગ્રામ હેઠળ

# ટેક્સાસની A&M યુનિ.ના સ્ટુડન્ટ્સ IITGn આવશે

અમદાવાદ : આઈ.આઈ.ટી. ગાંધીનગર ખાતે પહેલી વાર ટેકસાસની A&M યુનિવર્સિટીના સ્ટુડન્ટ્સ સમર ઈન્ટર્નશીપ પ્રોગ્રામ માટે અહિં આવવાના છે. જયારે અહીંના સ્ટુડન્ટ્સ પણ ત્યાં જઈ વિવિધ વિષયો પર સમાજો ઉપયોગી રિસર્ચ કરશે. સ્ટુડન્ટ્સ એકક્ષચેંજ પ્રોગ્રામનો મુખ્ય હેતુ રિસર્ચ ક્ષેત્રે IITGn અને અન્ય ઈન્સ્ટિટ્યૂટ વચ્ચે ઓપોર્ચ્યુનિટી વધારવાની છે. આ પ્રોગ્રામ હેઠળ આવતા સ્ટુડન્ટ્સ અહી ૮ વીક રહી વિવિધ સંસ્થાઓની મુલાકાત લેવાની સાથે તેઓ આઈ.આઈ.ટી.ગાંધીનગર ખાતે બાયોમેડિકલ એન્જિનિયરિંગ, કમ્પ્યુટર સાયન્સ, સિવિલ એન્જિનિયરિંગ, મિકેનિકલ એન્જિનિયરિંગ, અને ફિઝિક્સ જેવા ક્ષેત્રોમાં રિસર્ચ હાથ ધરશે. આ અંગે આઈ.આઈ.ટી.જી.એન. ફેકલ્ટી પ્રોફેસર શનમુગનાથન્ રામને જણાવ્યું હતું કે IITGn અને TAMU વચ્ચે પહેલી વાર સ્ટુડન્ટ્સ એકક્ષેંજ પ્રોગ્રામ માટે સંમતિ સધાઈ છે. આઈ.આઈ.ટી.જી.એન.ના સ્ટુડન્ટ્સ પણ ત્યાં જઈ સિવિલ એન્જિનિયરિંગ મિકેનિકલ એન્જિનિયરિંગ, કેમિકલ, આ ક્ષેત્રે પ્રદાન કરશે. આ સ્ટુડન્ટ્સ માટે એક સારી તક છે કે ત્યાં જઈ પોતાના ક્ષેત્રે અનેરું પ્રદાન કરે તેમજ ત્યાંના સ્ટુડન્ટ્સ અહીં આવી નવું શીખે. આવનારો સમય બીજા સ્ટુડન્ટ્સ માટે પણ દ્વાર ખોલશે.

